Australian Government

COVID-19 VACCINATION

# બાળકો સાથે COVID-19 રસીઓ વિષે કેવી રીતે વાત કરવી

છેલ્લો સુધારો: ૧૮ ઓગસ્ટ ૨૦૨૨

જેમની રોગપ્રતિકારકક્ષમતાં ગંભીર રીતે જોખમમાં હોય, વિકલાંગ હોય તથા જેઓ જટિલ અને/અથવા એકથી વધુ આરોગ્ય સમસ્યાઓ ધરાવતાં હોય કે જે તેમને ગંભીર COVID-19 થવાનું જોખમ વધારતી હોય તેવા, ૬ મહિનાથી ૪ વર્ષના કેટલાક બાળકો માટે પણ રસીકરણની ભલામણ કરવામાં આવે છે. તમારા બાળકને COVID-19 રસીકરણ બાબતમાં જીજ્ઞાસા હોવી અને ઘણા બધાં પ્રશ્નો હોવા સ્વાભાવિક છે. અહિં રસી મુકાતા પહેલાં અને પછી બાળકો સાથે વાત કરવા માટેના કેટલાંક સૂચનો છે.

Department of Health and Aged Care website (સ્વાસ્થ્ય અને વૃદ્ધ સંભાળ ખાતાની વેબસાઇટ) પર ઉપલબ્ધ સલાહથી જાણકાર રહેવું મહત્વપૂર્ણ છે.

તમને COVID-19 રસીકરણ વિષે કોઇ ચિંતા અથવા પ્રશ્નો હોય તો, તમારું બાળક રસી મેળવે તે પહેલાં તમે, તમારાં રસીકરણ પ્રદાતા અથવા ડૉક્ટર જોડે પણ ચર્ચા કરી શકો છો.

તેમનો પ્રતિભાવ સાંભળવો અને રસી લેવા વિષે તેમને કોઇ બીક હોય તો તેની સ્વીકારવી જરૂરી છે.

- તને અત્યાર સુધી COVID-19 રસી વિષે શું ખબર છેતે જણાવ.
- તે પહેલાં ક્યારેય રસી લીધી છે?

શક્ય છે કે તમારા બાળકે પહેલાં કોઇ રસી લીધી હોય અને તે અનુભવ એટલો ખરાબ ન પણ હોય.

તમે COVID-19 રસી બાબતમાં જે જાણતાં હોવ તે, પ્રમાણિકપણે અને ઊંમરને અનુરૂપ રીતે સમજાવવો.

યાદ રાખો કે બાળકો પુખ્તવયના લોકોની મનોસ્થિતિ સમજી શકે છે, તેથી વધુ પડતી બીક રાખવી સકારાત્મક રીતે યોગ્ય ન પણ હોય અને તમારા બાળકને અસ્વસ્થતાનો અનુભવ કરાવી શકે છે.

સમજાવો કે, ડૉક્ટર અથવા તબીબી પ્રદાતા તમારા બાળકને અમુક પ્રશ્નો પુછશે, અને તમારા બાળકને હાથની બાહુમાં (અથવા જો તેઓની ઉંમર ૬ મહિનાથી લઇને ૫ વર્ષથી ઓછી હોય તો પગમાં) સોય મારવામાં આવશે અને તેમને સહેજ ખૂંચી શકે છે તથા જ્યાં સોય મારી હશે ત્યાં પછીથી કદાચ થોડો દુઃખાવો થઇ શકે છે. તમારા બાળકને હિંમત આપો કે, જ્યાં સોય વાગી ત્યાં થોડો દુખાવો થવો સામાન્ય અને તેનો અર્થ છે કે દવા કામ કરી રહી છે.

જો તમારું બાળક રસીકરણ કરાવવા બાબતમાં ચિંતાતુર જણાય તો, તેમને તેમની લાગણીઓ સમજવાની વધુ કોશિષ કરો, . જો જરૂર હોય તો, તમારા ડૉક્ટર પાસે વધુ સલાહ લો.

## તમારા બાળકના પ્રશ્નોના જવાબ આપો

તમારું બાળક કદાચ પુછે તેવા કોઇ પણ પ્રશ્નોના બાળકને અનુરૂપ જવાબો તૈયાર રાખો. આ વાતચીતમાં તમને મદદરૂપ થઇ શકે તેવા કેટલાક મુખ્ય પ્રશ્નોના અને તેમના જવાબો અહિં છે:

જો તમને લાગે કે તેનાથી સહાય થશે તો, વાસ્તવિક ઉદાહરણોનો ઉપયોગ કરો જેમ કે, બાળકના દાદા-દાદીની રક્ષા કરવા, અને શાળાએ જવાનું અને ટીમની રમતો ચાલુ રાખવા માટે.

ઓસ્ટ્રેલિયામાં તે, એવી સંસ્થા કે જે સુનિશ્ચિત કરે છે કે બધી જ દવાઓ સલામત હોય, તેમના દ્વારા સંપૂર્ણ રીતે ચકાસવામાં આવી છે. જો તે સલામત ન હોત તો તે લોકોને આપવામાં આવે નહિં.

જો તમારું બાળક સોયથી બીતું હોય તો, અસરકારક તૈયારી બેધ્યાન કરવાની પદ્ધતિઓ મહત્વપૂર્ણ છે.

૫ વર્ષ અને તેથી વધુ ઉંમરના બાળકો માટે નાના કેન્દ્ર અથવા વધુ જાણીતા સ્થળો, જેમકે સ્થાનિક દવાની દુકાન અથવા જનરલ પ્રેક્ટિસમાં જવું સહાયરૂપ બની શકે છે. વિશાળ રસીકરણ કેન્દ્રો કદાચ ઘોંઘાટીયા અને વ્યસ્ત હોય શકે છે અને તેનાથી વ્યથા વધી શકે છે.

હકારાત્મક અનુભવ આપવા અને બેધ્યાન કરવા તમારા બાળકનું ગમતું રમકડું અથવા ચોપડી સાથે લઇને આવો.

જો તમારું બાળક સોયથી બીતું હોય તો, તમારા પ્રદાતાને પહેલેથી જણાવો, જેથી તેઓ પૂરતો સમય રાખી શકે અને સુનિશ્ચિત કરે કે પ્રક્રિયા ઉતાવળે અથવા જબરજસ્તીથી નથી કરવામાં આવતી.

રસી વિષે વધુ માહિતી માટે તમે www.health.gov.au પર Department of Health and Aged Care website (સ્વાસ્થ્ય અને વૃદ્ધ સંભાળ ખાતા)ની વેબસાઇટ ની મુલાકાત લઇ શકો છો.

તમે National Coronavirus and COVID-19 Vaccine Helpline (રાષ્ટ્રીય કોરોનાવાયરસ અને COVID-19 રસી સહાય સેવા)ને **૧૮૦૦ ૦૨૦ ૦૮૦** પર પણ ફોન કરી શકો છો. નિઃશુલ્ક દુભાષિયા સેવા માટે વિકલ્પ ૮ દબાવો.

જો તમે બધિર હોવ અથવા સાંભળવાની અથવા વાણીની ક્ષતિ હોય તો, તમે National Relay (નેશનલ રીલે) સેવાને **૧૩૩ ૬૭૭** પર ફોન કરી શકો છો.